શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

ટપુક

વર્ષ : ૨૨
અંક : ૫

## જમીન પરનું જીવન

૧૫. પ્રાદેશિક ઈકોસિસ્ટમના સાતત્યપૂર્ણ વિકાસને રક્ષિત, પ્રસ્થાપિત અને પ્રોત્સાહિત કરવું, વનપ્રદેશનું સાતત્યપૂર્ણ સંચાલન, વેડફાટને ખાળવો, જમીન ધોવાણને અટકાવવું તેમજ જૈવવૈવિધ્યના નુકસાનને અટકાવવું.

૧૫.૧ તાજાપાણીની ઈકોસિસ્ટમ અને તેની સેવાઓ, ખાસ કરીને જંગલો, જળપ્રદેશો, પહાડો અને સૂકાપ્રદેશોમાં તેના સાતત્યપૂર્ણ ઉપયોગ, સંવર્ધન અને પ્રસ્થાપનને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા હેઠળ સુનિશ્ચિત કરવું.

૧૫.૨ જંગલોના સાતત્યપૂર્ણ વિકાસના અમલને પ્રોત્સાહન, જંગલનો નાશ અટકાવવો, નાશપામેલા જંગલોનું પ્રસ્થાપન અને વનીકરણને નોંધપાત્ર સ્તરે વધારવું અને વૈશ્વિક સ્તરે વનીકરણને પ્રસ્થાપિત કરવું.

૧૫.૩ જંગલોના નાશ થવા સામે લડત ચલાવવી, જંગલોના નાશ, દૂષ્કાળ અને પૂરથી અસર પામેલી ધોવાયેલી જમીન અને માટીને પ્રસ્થાપિત કરવી અને જમીનનું ધોવાણ–તટસ્થ વિશ્વની પ્રાપ્તિ માટે ખેવના રાખવી.

૧૫.૪ પહાડી ઈકોસિસ્ટમના જૈવવૈવિધ્ય સહિતની જાળવણી સુનિશ્ચિત કરવી જેથી તેમના સાતત્યપૂર્ણ વિકાસ માટે જરૂરી લાભો પૂરા પાડવાની ક્ષમતામાં વિસ્તાર કરી શકાય.

૧૫.૫ કુદરતી વસવાટોના ધોવાણને ઘટાડવા તાકીદે અને નોધપાત્ર પગલા ભરવા, જૈવવૈવિધ્યની હાનિને અટકાવવી અને નામશેષ થઈ રહેલી પ્રજાતિઓને રક્ષિત કરવી.

૧૫.૬ જનીનલક્ષી સંસાધનોના ઉપયોગને લીધે પ્રાપ્ત થતા લાભોની વાજબી અને સમાન વહેંચણીને પ્રોત્સાહન અને આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલી સંમતિ મુજબ આવા સંસાધનો સુધી યોગ્ય પહોંચને પ્રોત્સાહિત કરવી.

૧૫.૭ વનપ્રદેશની રક્ષિત પ્રજાતિઓના શિકાર અને ગેરકાયદે હેરફેરનો અંત આણવા તાકીદે પગલાં ભરવા ગેરકાયદે વન્યજીવ પેદાશોની માંગ અને પૂરવઠા બંનેને સંબોધિત કરવા.

૧૫.૮ જમીન અને જળ ઈકોસિસ્ટમ તેમજ પ્રાથમિકતા ધરાવતી પ્રજાઓ પર નિયંત્રણ અથવા નાબૂદી માટે બાહય પ્રજાતિઓના અતિક્રમણની અસરને નોંધપાત્ર સ્તરે ઘટાડવું અને તે માટેનાં પગલાનું પ્રસ્તુતિકરણ કરવું.

૧૫.૯ વર્ષ ૨૦૨૦ સુધીમાં ઈકોસિસ્ટમ અને જીવવૈવિધ્ય મૂલ્યોને રાષ્ટ્રીય અને સ્થાનિક આયોજન, વિકાસલક્ષી પ્રક્રિયાઓ, ગરીબી ઉન્મૂલન વ્યૂહો અને ખાતાઓ સાથે ઈકોસિસ્ટમ અને જીવવૈવિધ્ય મૂલ્યોને એકીકૃત

કરવા.

૧૫.એ જીવવૈવિધ્ય અને ઈકોસિસ્ટમના સંવર્ધન અને સાતત્યપૂર્ણ ઉપયોગ માટે તમામ સંસાધનો પાસેથી નાણાકીય સંસાધનોને એકત્રિત કરીને નોંધપાત્ર સ્તરે વધારવા.

૧૫.બી તમામ સ્ત્રોતો પાસેથી અને તમામ સ્તરેથી નોંધપાત્ર સંસાધનો એકત્રિત કરવા જેથી સાતત્યપૂર્ણ વન સંચાલનને ધિરાણ પૂરૂ પાડી શકાય અને સંર્વધન તેમજ વન પ્રસ્થાપન સહિતના સંચાલન કાર્યને આગળ ધપાવવા વિકાસશીલ દેશોને પૂરતા અનુલાભો પૂરા પાડવા.

**સંકલન – હિરલ ડોડીયા**

## વૈજ્ઞાનિક ખેતી એટલે શું?

(૧) જમીન અને પિયત પાણીની ચકાસણી કરવી. (૨) જરૂરી ભલામણ મુજબના સંતુલિત ખાતર આપવા (સેન્દ્રિય ખાતર ઉમેરી જમીનને તંદુરસ્ત બનાવો) (૩) જમીન સુધારણા કરવી. (૪) જમીન ની જરૂરી ખેડ કરવી. (૫) સારામાં સારા વધારે ઉત્પાદન આપતા બિયારણોનું વાવેતર કરવું. (પાકની યોગ્ય જાત પસંદ કરો). (૬) સમયસર પાક નિરીક્ષણ કરતા રહો. (૭) નિંદામણનો સમયસર નિયંત્રણ કરવો (પાકને નિંદામણથી મુકત કરો) (૮) પાકને સમયસર પિયત આપવું. (૯) રોગ– જીવાતનું નિદાન કરવું. (૧૦) રોગ– જીવાતનું નિદાન કર્યા પછી તેના નિયંત્રણ માટે યોગ્ય પગલા લેવા. (૧૧) આડેધડ એગ્રો કેમીકલ્સનો ઉપયોગ ન કરો. (૧૨) જરૂર પડયે ખેતીવાડીના નિષ્ણાંતોની સલાહ લો. (૧૩) ખેતીમાં ખોટા ખર્ચ ન કરો. (૧૪) હોર્મોન્સનો યોગ્ય પસંદગી અને સમયસર છંટકાવ. (૧૫) વોટર સોલ્યુબલ ખાતરનો સમયસર છંટકાવ કરી તત્વોની ઉણપ દૂર કરવી. (૧૬) પૂર્તી ખાતરનો યોગ્ય સમયે ડોઝ આપવો. (૧૭) પાકની લણણીનો યોગ્ય સમય નકકી કરવો અને લણણી કરવી, માલનો સારી રીતે સંગ્રહ કરવો. (૧૮) માર્કેટ વ્યવસ્થા જાણવી અને યોગ્ય સમયે માલનું વેંચાણ કરવું. (૧૯) પાકની લણણી કર્યા પછી વધેલ બાય પ્રોડકટનો સુયોગ્ય ઉપયોગ. (૨૦) સેન્દ્રિય ખાતરનો ઉપયોગ કરી જમીનનું જતન કરવું. (૨૧) પશુપાલન વ્યવસ્થા સાથે સાંકળવો. (૨૨) ફાર્મ– મશીનરીનો ઉપયોગ અને તેની જાળવણી કરવી. (૨૩) ખેતર એ અમુલ્ય કુદરતી સંપતિ છે. તેની જળવણી કરી નવી પેઢીને સારી સ્થિતીમાં આપવાની લાંબા ગાળાની માવજત. (૨૪) સંકલિત પાક પધ્ધતી દ્વારા એકમ વિસ્તારમાં વધારેમાં વધારે આવક મળે તેવી વ્યવસ્થા કરવી. (૨૫) જાત મહેનત અને કરકસરના પગલા આપને જરૂર ફાયદારૂપ સાબિત થશે. (૨૬) ખેતીના આવક અને જાવક અંગેના હિસાબ રાખવા.

(૨૭) મેળવેલ નફાની બચત અંગે–

નફાના
૨૫%– રોકાણ સોનામાં,
૨૫%– સ્થાવર મિલ્કત,
૨૫%– ધંધાકીય રોકાણ,
૨૫%– હાથ ઉપર રોકડ રકમ,

એ મુજબ વર્ગીકરણ કરી રોકાણ કરવાથી લાંબાગાળે ફાયદારૂપ સાબિત થાય છે.

**– તુષાર વાઘેલા**

**ઉધાર પૈસા અને વણમાગી સલાહ બંને કદાપી આપવા નહિ.**

## લઘુઉદ્યોગ સાહસિક

હિરલબેન લખુભાઈ મોભ (ઉ.વ. ૨૧, અભ્યાસ ધો. ૧૦), ખાંભા. પોતાના સાત સભ્યોના પરિવાર સાથે ખાંભા ગામે રહે છે, જેમાં તેના માતા–પિતા, ચાર બહેનો અને સૌથી નાનો ભાઈ. જ્ઞાતિએ હિરલબેન આહિર છે તેથી જ્ઞાતિના રિવાજો મુજબ દીકરીઓને કામે અથવા રોજગાર અર્થે ઘરની બહાર આવવા જવા માટે ઘણીબધી મર્યાદાનો સામનો કરવો પડે છે. ઘરના સભ્યોની મંજૂરીથી જો બહાર જાય તો જ્ઞાતિ અને સમાજની ટીકાનો સામનો કરવો પડે છે.

સરકારશ્રી અને એનજીઓ દ્વારા અવાર નવાર મહિલાઓના હુનર, કૌશલ્યના વિકાસ અને મહિલાઓને આત્મનિર્ભર બનાવવાના પ્રયાસ રૂપે અનેક તાલીમનું આયોજન કરવામાં આવતું હોય છે. તો આવી જ એક સિલાઈ વ્યવસાય માટેની નિશુલ્ક તાલીમ અંગેની જાણ હિરલબેનના માતુશ્રી પુનીબેનને થઈ. દરેક વખતની જેમ પહેલા તો જ્ઞાતિ અને સમાજનો વિચાર આવ્યો કે, લોકો શું કહેશે ? પરંતુ ઘરની પરિસ્થિતિ વિશે વિચાર્યુ કે ગરીબીનું મુખ્ય કારણ બેરોજગારી છે અને તેનુ સમાધાન માત્ર રોજગારીથી થઈ શકે છે.

ઘરના સભ્યો સાથે વાતચીત કર્યા પછી હિરલબેનને તાલીમ આપવાનું નક્કી કર્યુ. સમાજની માન્યતાથી ઉપર ઉઠીને તેના માતા–પિતાએ મક્કમતાથી સહયોગ આપ્યો. હિરલબહેને ૨૦૧૮ માં ભમ. ૮કખયલ્લ ચકભતયૃક (ઉદ્યોગ ક્ષમતા વિકાસ કાર્યક્રમ – ગ્રામીણ સ્વરોજગાર તાલીમ) પ્રોગ્રામમાં એક મહિનાની તાલીમ લઈ સર્ટીફીકેટ મેળવ્યા બાદ ગરીબ કલ્યાણ મેળામાંથી સીવવાનું મશીન મળ્યા બાદ સીવવાનું ચાલુ કરેલ. ત્યાર બાદ ૧૮મી માર્ચ ૨૦૨૦ના રોજ સ્નેહ કૂંજ ટ્રસ્ટ અંતર્ગત ચાલતા પ્રોસીપ પ્રોગ્રામમાંથી ૩ સોલાર પ્લેટ, બેટરી અને સિલાઈ મશીનની સહાય આપવામાં આવી.

આમ હિરલબેન છેલ્લા બે વર્ષથી તમામ પ્રકારના ડીઝાઈનીંગ ડ્રેસ, કૂર્તી, બ્લાઉઝ, નવરાત્રી ડ્રેસ તૈયાર કરે છે. કોરોનાની ગંભીર પરસ્થિતિમાં તાલુકા પંચાયતમાંથી મળેલા ઓર્ડર મૂજબ ૩૦૦૦ માસ્ક પૂરા પાડયા છે.

કુટૂંબની સંપૂર્ણ જવાબદારીની સાથે સાથે આગામી સમયમાં પોતાનું ટ્રેનિંગ સેન્ટર ચાલુ કરવા જઈ રહયા છે જેનુ રજીસ્ટ્રેશન પણ ચાલુ કરેલ છે. સાહસ અને સકારાત્મક સંકલ્પનું આ પરિણામ છે.

– અવંતિકા તંતી

**પ્રિય વાચક મિત્રો,**

આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

## લોકડાઉન દરમ્યાન સંસ્થા દ્વારા થયેલ કોવીડ-૧૯ અને પ્રોજેક્ટની કામગીરી

આપણે સૌ જાણીએ છીએ તેમ કોવીડ-૧૯ એક મહામારી સ્વરૂપે આવવાથી સમગ્ર વિશ્વમાં ધંધારોજગાર, ઔદ્યોગિક વિકાસ અને વહીવટીતંત્ર અટકી જવાથી વિશ્વનું અર્થતંત્ર ડામાડોળ થયું જે ભારત દેશને પણ અસ્પર્શિત રહી ના શક્યું. આપણા દેશમાં લોકડાઉનની શરૂઆત તા.૨૩/૦૩/૨૦૨૦થી થઈ જેની અસર સૌ કોઈને થઈ તેમ છતાં આ સંસ્થા હસ્તકનાં અમલી કાર્યક્રમમાં લોકડાઉન દરમ્યાન પણ જુદા જુદા માધ્યમથી થયેલ કામની ટુંકી વિગત નીચે મુજબ છે.

૧) ખેતી વિષયક પ્રવૃતિઓ લોકડાઉન દરમ્યાનનો સમયગાળો ચોમાસા વાવેતર પહેલાનો હતો જેથી જુદા જુદા માધ્યમથી ટેલીફોનીક, વોટસએપ, વિડીયોકોલ, ઝૂમ અને ગુગલમીટ જેવી એપ્લીકેશનની મદદથી ખેડૂતોને વાવણી પહેલાનું માર્ગદર્શન આપવામાં આવ્યું. ડ્રેમોસ્ટ્રેશન, તાલીમ અને અન્ય ખેતીવિષયક કામગીરીનું ખેડૂતો સાથે ફોલોઅપ કરવામાં આવ્યું. આ સમય દરમ્યાન જયાં શકય હોય ત્યાં કોવીડ-૧૯ની માર્ગદર્શિકાને અનુસરીને રૂબરૂ મુલાકાત પણ કરવામાં આવી. વધુમાં આ સમય દરમ્યાન પ્રોજેક્ટ જોગવાઈ મુજબ વર્મીબેડ તૈયાર કર્યા અને ડેમોસ્ટ્રેશનની કામગીરી પણ કાર્યકરો દ્વારા કરવામાં આવી. આ સમય કેરીની સીઝનનો હોય ખેડૂત ઉત્પાદક કંપની મારફત સ્થળ વિઝીટ કરીને પોષણક્ષમ ભાવો માટેનું યોગ્ય માર્ગદર્શન, શેરહોલ્ડર વધારવા માટેની કામગીરી, બિયારણની ડીમાન્ડ અનુસાર જરૂરિયાત મુજબની સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી.



**બેઈમાનીના બત્રીસ પકવાન કરતાં, ઈમાનદારીનો અડધો રોટલો મીઠો.**

૨) અગાઉ તૈયાર થયેલ ખેતતલાવડી અને ચેકડેમ ડીપનીગના કામોનું ફોલોઅપ. આ સમય દરમ્યાન કમોસમી વરસાદની આગાહીને ધ્યાને લઈને થયેલ કામોની જાળવણી નિભાવણી માટે લાભાર્થીઓને સતત માર્ગદર્શન પહોચાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો અને શકય હોય ત્યાં રૂબરૂ જઈને ખેડૂતોને તૈયાર થયેલ એસેટનાં ઉપયોગ અને જાળવણી અંગેની સમજણ આપવામાં આવી.

૩) બાળકોનાં શિક્ષણને લગતા કાર્ય માટે અમરેલી–બાબરા તાલુકામાં નવા ૧૦ ગામોની પસંદગી માટે શકય તેટલા શાળા સંચાલક સમિતિનાં સભ્યો, શાળાના શિક્ષકો અને સરપંચશ્રીઓને રૂબરૂ કે ટેલીફોનીક માધ્યમથી સંવાદ કરીને કાર્યની પૂર્વ તૈયારી કરી. ગત વર્ષના ગામોમાં વીકલી પ્લાનિંગ, ક્રોસ વેરીફિકેશન, રાજુલા– જાફરાબાદનાં ગામોમાં રૂબરૂ સંપર્ક કરીને બાળકોનાં અભ્યાસ, નવરાશનાં સમયમાં જુદી–જુદી રમતો અંગે સમજણ પુરી પાડવામાં આવી.

૪) તમામ કાર્યક્ષેત્રમાં કોવીડ–૧૯ અંગેની જાગૃતિ ઉભી થાય તે માટે જુદા જુદા માધ્યમથી સંદેશાઓ, પેમ્પલેટ મારફત જાણકારી આપવામાં આવી તેમજ શકય તેટલા માસ્ક, સેનીટાઈઝર અને સાબુ વિતરણની કામગીરી કાર્યકરો દ્વારા કરવામાં આવી અને અન્ય જેવા કે મીડ ડે મીલ અને રાશન કીટ વિતરણમાં સંસ્થાનાં કાર્યકરો દ્વારા સહયોગ પુરો પાડવામાં આવ્યો. શેડુભાર તા.૧૭/૦૫/૨૦૨૦ અમરેલી ખાતે ૭૮ જેટલા શ્રમિકો જે બહારથી આવ્યા હતા તેને રાશનકીટ વિતરણ અને પોતાનાં વતનમાં પરત જવા માટે યોગ્ય સંકલન કરીને કામગીરી કરી હતી.



## લોકડાઉન વચ્ચે શ્રમિકોની આપવિતી

કોરોનાનો કહેર સમગ્ર વિશ્વ ઉપર એક આફત રૂપે આવી પડેલ વિપદા છે. જેથી સૌ કોઈનાં જીવનમાં મુશ્કેલીઓ, આર્થિક સકણામણ અને ડરનો એક માહોલ ઉભો કરી દીધેલ છે. આ મહામારીથી સૌ કોઈ પ્રભાવિત થયુ છે પરંતુ ખાસ ગરીબ લોકો અને સ્થળાંતર કરીને મજુરી કામ માટે પેટીયુ રળતાં પરિવાર માટે વ્રજઘા સાબિત થયેલ છે. આવો કિસ્સો એક પરિવારનો નહીં પણ એકી સાથે ૧૩ પરિવાર (૭૮ સભ્યો) માટે બનેલો. તેની આ વાત અને તેમાં માનવતાનો સાદ દર્શાવવાનો એક પ્રયાસ સંસ્થા મારફત કરેલ છે.

આ વાત છે અમરેલી તાલુકાનાં ગામ શેડુભારની. કોવીડ–૧૯ દરમ્યાન સમગ્ર દેશ જયારે લોકડાઉનમાં હતું તેવા સમયે દરવર્ષની મારફત આ વર્ષે પણ ધંધુકા તાલુકાનાં ૭૮ જેટલા દેવીપૂજક પરિવારો પેટીયુ રળવા માટે આ ગામે આવેલા અને નદીકાંઠા ઉપર ઝુપડા બાંધીને વસવાટ કરતાં હતાં કોવીડ–૧૯ની બિમારીને લઈને સમગ્ર દેશમાં લોકડાઉન થયું અને આ શ્રમિકોની રોજગારી એકાએક બંધ થઈ. જયાં સુધી આ શ્રમિકો પાસે ખાધા–ખોરાકી હતી ત્યાં સુધી ચાલ્યું પણ સંપૂર્ણ પૂરૂ થઈ જતાં સંકટનાં વાદળો ઘેરાવા લાગ્યાં. શરૂઆતનાં તબકકામાં રાજકીય અને સામાજીક સંસ્થાઓ દ્વારા ખિચડી જેવું રાશન મળતું તે પણ બંધ થયું અને ભુખ્યા રહેવાનો કપરો સમય શરૂ થયો. આ વાત ગામનાં આગેવાનો દ્વારા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં ધ્યાને આવતાં તાબડતોબ ચાઈલ્ડ



**જીભ ના શબ્દો અને શબ્દોનો વટ, માણસનું મગજ નહિં, એના ખિસ્સાનો ભાર નક્કી કરે છે.**

લાઈન અને લેમ્પનાં કાર્યકરો સ્થળ પર પહોંચ્યાં, સરપંચ આગેવાનોને સાથે લઈને શ્રમિકોની રૂબરૂ મુલાકાત કરી સમગ્ર વાતની વિગત જાણીને સંસ્થાનાં વડા ધીરૂભાઈ વાગડીયા સાથે ટેલીફોનીક વાત કરી જેનાં પરિણામ સ્વરૂપે કાર્યકરો દ્વારા સંકલન કરીને શકય બને તેટલી રાશન સામગ્રી જેવી કે લોટ, તેલ અને ચોખાનું વિતરણ તત્કાળ કરવામાં આવ્યું. આ મુલાકાત દરમ્યાન એ પણ જાણવા મળ્યુ કે કુલ પરિવારો પૈકી ૨ ગર્ભવતી મહીલા અને ૧ મહીલાએ સાત દિવસ પહેલા જ બાળકને જન્મ આપ્યો હતો. આ રાશન કીટનું વિતરણ સરપંચ અને ગામનાં આગેવાનોને સાથે રાખીને કરવામાં આવ્યું આ દરમ્યાન પરિવારો દ્વારા જણાવ્યું કે અમને અમારા વતનમાં મોકલવાની વ્યવસ્થા થાય તો કરવા વિનંતી કરી. આ માટે સંસ્થાનાં કાર્યકરો, ગામ આગેવાનો સાથે એક બેઠક કરી અને વાહન માટે નાણાકીય વ્યવસ્થા માટે વિચારણા કરી જેનાં પરિણામે દાતાઓ દ્વારા બે દિવસમાં નાણાકીય વ્યવસ્થા થઈ જતાં વાહન દ્વારા આ પરિવારને તેમનાં વતન પહોંચાડવામાં આવ્યાં. સંસ્થા દ્વારા આ પરિવારનાં આગેવાન સાથે ટેલીફોનીક સંપર્ક કરતાં જણાવ્યું કે સંસ્થાનાં કાર્યકરો અને આગેવાનોએ અમને જે મદદ કરી છે. તે માટે ભગવાન તમારૂ ભલુ કરે અને આ મદદને અમે જીંદગીભર ભુલી નહી શકીએ. આ વાત લખવા પાછળનો હેતુ એટલો જ છે કે વગર પૈસાએ પણ આપણે ઈચ્છા હોય તો ઘણું સદકાર્ય કરી શકીએ.

– ગોરધન વાઘેલા



**સાચુ બોલનાર અને સીધો ચાલનાર હંમેશા દુનિયાને કડવો લાગે છે.**

## Happy Birthday

| | |
|---|---|
| Khatubhai Sarvaiya | 01.06.1981 |
| Dhirubhai Solanki | 01.06.1980 |
| Balubhai Nagar | 01.06.1991 |
| Mansi Oza | 01.06.1998 |
| Mukeshbhai Golani | 01.06.1986 |
| Jayeshbhai Dhavar | 01.06.1996 |
| Manjuben Makavana | 01.06.1973 |
| PiyushbhaiKathiriya | 02.06.1990 |
| Ashokbhai Shelar | 05.06.1975 |
| Dolubhai Gohil | 06.06.1978 |
| Arjunbhai Zanzrukiya | 19.06.1996 |
| Yogesh Solanki | 20.06.1997 |

## In this month

12 Core group meeting Various webinar for training aspect.

## સામાન્ય સભા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૮/૦૬/૨૦૨૦ ના રોજ ૧૪ કલાકે નીચે દર્શાવેલ કાર્યસુચિ માટે ૨૬–ઓમનગર(૩), અમરેલી ખાતે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

## કાર્યસૂચિ

૧. ગત મીટીંગની કાર્યવાહી નોંધને મંજુરી.
૨. વાર્ષિક હિસાબ અંદાજપત્ર અને અહેવાલને બહાલી.
૩. અન્ય સમિતીઓમાં થયેલ કાર્યવાહીને બહાલી.
૪. સંસ્થાની પોલીસી (નીતિ)ની સમીક્ષા.
૫. આગામી કારોબારી સમિતીની રચના.
૬. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે.

સ્થળ : અમરેલી (સહી – હાર્દિક)
તા. ૨૮/૦૫/૨૦૧૯ પ્રમુખ

**ખાસ નોંધ :** સામાન્ય સભામાં કોઈ સભ્યએ પ્રસ્તાવ, પ્રશ્ન કે ઠરાવ મુકવા હોય તો બેઠકના ચાર દિવસ અગાઉ સંસ્થાના કાર્યાલયે શ્રી ભરતભાઈ વાળાને પહોચાડવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SSKK

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**આળસી માણસનું વર્તમાન અને ભવિષ્ય હોતું નથી.**